યા રસુલલ્લાહ અલમદદ ૭૮૬/૯૨ યા ગોસ અલ મદદ

HC

HUSENI COMMITTEE MORVI

હુસેની કમિટી (સુન્ની)
• મોરબી •

અગીયારની યા રસૂલુલ્લાહ
સલ્લલ્લાહો અલૈહ વસલ્લમ

# રહેમતની ઋતુ યાને
# ફઝાઇલે રમઝાન શરીફ

: લેખક :
સૈયદ દાદામિયા એસ. કાદરી
મુ. રૂપાલ : વાયા બાવળા

પ્રકાશન પ્રાપ્તિસ્થાન :

હુસેની કમિટી (સુન્ની)

ઈદ મસ્જીદ મેઈન રોડ,

મોરબી – ૩૬૩૬૪૧

★

૨૫ પૈસાની ટપાલ ખર્ચ ટીકીટ મોકલીને ઉપરના સરનામેથી આ કિતાબ મફત મેળવો.

★

આવૃતિ બીજી-નવી પ્રત ૧૫૦૦ પ્રકાશન નં. ૩૪

માહે સાબાન હિજરી ૧૪૦૩ જુન-૧૯૮૩

બિસ્મીલ્લાહી ર્રહમાની ર્રહીમ

નહમદોહુ વનોસલ્લી અલા રસૂલે હિલ-કરીમ

# રમઝાનનું મહત્ત્વ કુરઆનના પ્રકાશમાં

"કેહતે હૈ લોગ ઇસ્કો રમઝાનકા મહીના,
હૈ અસ્લમેં નુઝુલે કુરઆનકા મહીના"

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં હુકમ ફરમાવે છે કે; "શહરો રમદાનલ્લઝી ઉન્ઝેલા ફિહીલ કુરઆન" એટલે રમઝાન શરીફનો મહીનો તે મહીનો છે, જેમાં અલ્લાહુતઆલાએ તેનો કલામ એટલે કુરઆને મજીદને દુનિયામાં મોકલ્યું આ આયતે કરીમાથી રમઝાનુલ મુબારકની ફઝીલત સ્પષ્ટ થઇ જાય છે. આ રીતે જોતા અલ્લાહતઆલાની સર્વ શ્રેષ્ઠ કૃતિ એટલે કુરઆને શરીફની સાલગેરાહ બનવાનું સદ્‌ભાગ્ય રમઝાન શરીફને મળે છે. જો કે કુરઆન શરીફ દુનિયામાં થોડું થોડું કુલ ૨૩ વર્ષ ઉતર્યું છે, પણ આ આયતની તફસીરમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે, રમઝાનની શબે કદ્રમાં એક જ સાથે આખુ કુરઆને શરીફ લૌહે મહેફુઝ પરથી દુનિયાના આસમાન એટલે બૈતુલ ઇઝત પર ઉતારવામાં આવ્યું અને ત્યાંથી જેમ જેમ જરૂરત પડતી ગઇ તેમ તેમ તે

દુનિયામાં નાઝિર થયુ છે. અને એમ પણ જાણવા મળ્યું છે કે દર રમઝાનુલ મુબારકમાં હઝરત જીબ્રઇલ (અલૈ-હિસ્સલામ) આખા કુરઆનને હુઝુર સમક્ષ દોહરાવતા હતા. અર્થાત્ રમઝાન શરીફ એ કુરઆન શરીફની સાલ ગેરાહ છે.

# રમઝાનની રહેમતો અને બરકતો હદીષના અજવાળે

હઝરત અનસ ઇબ્ને માલિક (રદીયલ્લા હો અન્હો)થી રિવાયત છે કે, જયારે રમઝાન શરીફનો ચાંદ નજર આવતો ત્યારે હુઝુર (સલલ્લાહો અલય હે વ સલ્લમ) આ દુઆ પઢતા હતા. "**અલ્લાહુમ્મા બારિકલના, ફીરમદાના વ સહહિલના અશ્કાલના**" (અર્થ :– હે અલ્લાહ! અમારા માટે રમઝાન શરીફના મહીનામાં બરકત અતા ફરમાંવ. અને અમારી મુશ્કેલીઓને આસાન કરી દે.)

હુઝુરે ફરમાવ્યું કે, રમઝાનના પ્રથમ દશ દિવસમાં રહેમત નાઝીલ થાય છે, અને બીજા દશ દિવસમાં મગફેરત થાય છે. અને ત્રીજા દશ દિવસમાં જહન્નમના અઝાબથી નજાત (મુક્તિ) મળે છે.

તમામ આસમાની કિતાબોનું ઉતરાણ રમઝાન શરીફમાં થયું છે. હજરત અબુઝર ગફારી (રદીયલ્લાહો-અન્હો) થી રિવાયત છે કે; હુઝુરે ફરમાવ્યું કે હજરત ઈબ્રાહીમ ( અલૈહિસ્સલામ ) પર રમઝાનની ત્રણ રાતોમાં સહીફો ઉતર્યો, રમઝાનની છ રાતોમાં હઝરત મુસા [ અલૈહિસ્સલામ ] પર તવરેત ઉતરી; અઢાર રાતોમાં હઝરત દાઉદ ( અલૈહિસ્સલામ ) પર ઝબુર ઉતરી અને રમઝાનની તેર રાતોમાં હજરત ઈસા (અલૈહિસ્સલામ) પર ઇન્જીલ ઉતરી હતી.

નબીએ કરીમ(સલ્લાહો અલયહે વસલ્લમ) એ શાબાનના છેલ્લા દિવસોમાં ફરમાવ્યું કે હે લોકો! બુઝુંગ અને મુબારક મહીનો નજીકમાં છે. આ મહીનાની એક રાત હજારો મહીનાઓ કરતાં શ્રેષ્ટ છે. આ મહીનાના રોઝા અલ્લાહે ફર્ઝ કર્યા છે. અને નિફલ માટે રાત્રીનો કેયામ મુસ્તહબ કર્યો છે. જેણે એક નેકી કરી અથવા કોઈ ફર્ઝ અદા કર્યા તો તે માણસે ૭૦ ફર્ઝ અદા કર્યા બરાબરનો સવાબ મળશે.

હઝુરે ફરમાવ્યું કે આ સબ્રનો મહિનો છે. સબ્રનો સવાબ જન્નત છે. એકબીજા સાથે સદવર્તનનો મહીનો છે. જેથી રોઝીમાં બરકત પૈદા થાય છે. આ મહીનામાં કોઇને રોઝો ખોલાવવાનો સવાબ પોતાના ગુનાહ મઆફ કરાવવાનો છે. અને દોઝખની આગથી નજાત (છુટકારો) મળે છે. અને પોતાના અજરમાં કોઈ કમી કરવામાં આવતી નથી.

સહાબાએ અરજ કરી કે યા રસૂલલ્લાહ! અમે બીજાને રોઝા ખોલાવવા શક્તિમાન નથી તો આપે ફરમાવ્યું કે સવાબ રોઝો ખોલાવવાથી મળે છે. પછી ભલેને ખજૂરની એકપેશી અથવા પાણીનો એક ઘુંટ અથવા દુધના એક ઘુંટથી ખોલાવવામાં આવે. આથી રોઝા ખોલાવનારના સવાબમાં પણ કોઇ કમી થતી નથી, આતે મહિનો છે. જેની શરૂઆત રહેમત છે. જેનું મધ્ય મગફેરત છે. અને અંતમાં દોઝખની આગથી નજાત છે.

હુઝુરે ફરમાવ્યુ કે; જે માણસ આ મહીનામા કોઇને પેટ ભરીને ખવડાવશે તો કેયામતમા અલ્લાહત આલા તેને મારા હોઝથી એવું સરબત પીવડાવશે કે તે પીધા પછી તેને કદી પણ તરસ નહિં લાગે.

હુઝુરે (સલલ્લાહો અલયહેવ સલ્લમ) એ ફરમાવ્યુ કે, રમઝાન શરીફની પહેલી રાતે આકાશ અને જન્નતના સર્વે દરવાજાઓ ખુલ્લા કરી દેવામાં આવે છે. જે રમઝાન ના છેલ્લા દિવસ સુધી ખુલ્લા રહે છે, જે પુરુષ અથવા સ્ત્રી આ મુબારક રાતોમાં નમાઝ પઢે તેને દરેક સિજદાના બદલામાં એક હજાર સાતસો નેકીઓ આપવામાં આવેછે. અને જન્નતમાં તેમના માટે લાલ યાકુતનો મહેલ બનાવ વામાં આવેછે. તે મહેલના ૭૦ હજાર દરવાજા હશે અને તે સોનાના હશે અને તેમાં લાલ યાકુત જડેલા હશે. જ્યારે મોમીન રમઝાનનો પેહલો રોઝા રાખે છે. તો અલ્લાહ તઆલા તેના બદલામા રમઝાન ના આખર

સુધીના તમામ ગુનાહ માફ કરી દે છે. અને ૭૦ હજાર ફરીશતાઓ તેની બખ્શીશ માટે સવાર સાંજ સુધી દુઆ કરે છે.

હુઝુરે ફરમાવ્યું રાત દિવસમાં જેટલા સિજદા કરવામાં આવે છે. તે દરેક સિજદાના બદલામાં અલ્લાહ તઆલા એક દરખ્ત (વૃક્ષ) અર્પણ કરે છે. તે વૃક્ષ એટલો વિશાળ હોય છે કે તેના છાયડામાં ૧૦૦ વર્ષ સુધી ચાલીએતો પણ છાંયો ખતમ ન થાય.

હઝરત અબુ હૂરૈરાહ (રદીયલ્લાહો અન્હો)થી રિવાયત છે કે હુઝુરે ફરમાવ્યું કે રમઝાનનાં આગમન પર જન્નતનાં દરવાજા ખોલી દેવામાં આવેછે. અને દોઝખના દરવાજા બંધ કરી દેવામાં આવે છે. અને શૈયતાનો ને કૈદ કરી દેવામાં આવે છે.

હુઝુર નબીએ કરીમ (સલલ્લાહો અલય હેવ સલ્લમ) એ ફરમાવ્યું કે જે વ્યક્તિ રમઝાનમાં એક રોઝો રાખે તેના સાથે એક હુરનો નિકાહ કરી દેવામાં આવે છે. આ હુર તે હુરો પૈકી ની હશે જે હુરો ને ખૈમાંઓમાં સુરક્ષિત રીતે ગુપ્ત રાખવામાં આવેલી છે. જે હુર સાથે રોઝદાર બંદાનો નિકાહ થશે તે હુરના સુંદર શરીર પર જન્નતના ૭૦ પ્રકારના જુદા જુદા રંગોના વસ્ત્રનું રંગ અને સુગંધ જુદીજ હશે. ત્યાં યાકુતથી જડેલા તખ્ત હશે અને તે તખ્ત

પર ૭૦ પ્રકારના જુદા જુદા પાથરણા પાથરેલા હશે. દરેક હુર માટે ૭૦ હજાર સેવકો હશે. અને તે દરેક સેવકના હાથમાં સોનાનો એક પ્યાલો હશે. તે પ્યાલામાં સરસ મઝાની સ્વાદિષ્ટ વાનગી હશે. તેનો દરેક કોળીયા નો સ્વાદ જુદોજ હશે. હુરના પતિ (રોઝદાર બંદા) માટે પણ આ પ્રકારની બધીજ સગવડો હશે. આ બધું ફક્ત રમઝાન શરીફના એક રોઝો રાખનાર માટે છે. અને બીજી નેકીઓનો બદલો આથી પણ વિશેષ અલ્લાહ તઆલા આપશે.

રમઝાનશરીફમાં દરરોજ રાત્રે અલ્લાહ તઆલા ત્રણ વખત પોકાર કરે છે કે; છે કોઇ સવાલ કરનાર કે હું તેનો સવાલ પુરો કરૂં; છે, કોઇ તૌબા કરનાર કે હું તેની તૌબા કુબુલ કરૂં, છે કોઇ બખ્શીશ માંગનાર કે હું તેને બખ્શી દઉ.

રમઝાન શબ્દમાં પાંચ હુરૂફ (અક્ષર) છે. અને તે દરેકમાં એક ઇશારો તે. પહેલો **રે**, બીજો **મીમ**, ત્રીજો **ઝુવાદ**, ચોથો **અલીફ** અને પાંચમો **નુન**, એટલે રે થી મતલબ ખુદાની રઝામંદી. મીમથી મતલબ અલ્લાહની મહોબ્બત; ઝુવાદથી મતલબ અલ્લાહ તેના બંદાઓનો ઝામીન છે. અને નુનથી મતલબ અલ્લાહનું નૂર મુરાદ છે

[હવાલો, ગુનીયતુ ત્તાલેબીન સફાનાં. ૩૭૪]

# રોઝાની ફઝીલત

અલ્લાહ તઆલા કુરઆને પાકમાં ઈરશાદ ફરમાવે છે કે "યા અય્યોહલ્લઝીના આમનૂ કોતેબા અલૈકો મુસ્સેયામો કમા કોતેબા અલલ્લઝીના મીન કબ્લેકુમ લઅલ્લકુમ તત્તકુન"

(સુરએ બકરહ)

અર્થ:— હે ઈમાનવાળા ઓ! તમારી પર રોઝો ફર્ઝ કરવામાં આવ્યાં, જેવાં કે તે લોકો પર ફર્ઝ કરવામાં આવ્યા હતા. જે તમારી પહેલા હતા, જેથી કરીને તમે ગુનાઓથી બચો.

હુઝુરે ફરમાવ્યુ કે "જન્નતના આઠ દરવાજા છે તે પૈકી એકનું નામ રૈયાન છે. તે દરવાજાથી તેજ લોકો પસાર થશે કે જેઓ રોઝા રાખનારાઓ છે."

(બુખારી મુસ્લીમ)

હુઝુરે ફરમાવ્યુ કે, "દરેક વસ્તુની જકાત હોય છે. અને શરીરની જકાત રોઝા છે. અને રોઝા અડધો સબ્ર છે".

(ઇબ્ને માજા)

હુઝુરે ફરમાવ્યું કે, "રોજદારની ઈફતાર વખતની દુઆ રદ કરવા આવતી નથી.

(બૈહકી)

હુઝુરે ફરમાવ્યુ કે, "રોજા ઢાલ છે. અને જહન્નમથી સુરક્ષિત રહેવા માટે મજબુત કિલ્લો છે.

(ઇમામ અહેમદ)

હુઝુરે ફરમાવ્યું કે "જો બંદાઓને ખબર હોત કે રમઝાન શું છે? તો મારી ઉમ્મત અભિલાષા કરતી કે આખું વર્ષ રમઝાન જ હોય."

(ઇબ્ને ખુઝૈમહ)

## પંદર રહેમતો

રમઝાન શરીફમાં અલ્લાહ તઆલા પોતાના રોઝદાર બંદાઓ પર પંદર (૧૫) રહેમતો નાજિલ ફરમાવે છે. (૧) રોઝીમા વૃધ્ધિ થાય છે, (૨) માલ-દૌલતમાં વૃધ્ધિ થાય છે. (૩) જે પણ ખાવામાં આવે છે. તે ઈબાદતમાં લખવામાં આવે છે. (૪) દરેક નેક આમાલનો બદલો બમણો થઇ જાય છે. (૫) આસમાન અને જમીનના દરેક ફરિશ્તાઓ રોજદાર માટે બખ્શીશની દુઆ કરે છે. (૬) શયતાનો ને કૈદ કરી દેવામાં આવે છે. (૭) રહેમત ના દ્વાર વિસ્તૃત કરી દેવામાં આવે છે (૮) જન્નતના દરવાજા ખોલી દેવામાં આવે છે. (૯) જહન્નમનાં દરવાજા બંધ કરી દેવામાં આવે છે. (૧૦) દરેક રાતમાં નવલાખ જહન્નમીયોને જહન્નમની આગથી મુક્તિ આપવામાં આવે છે. (૧૧) રમઝાન શરીફની છેલ્લી રાતે લોકોના તમામ ગુનાહબક્ષી દેવામાં આવે છે. (૧૨) દરરોજ જન્નતને શણગારમાં આવે છે. (૧૩) રોજદારની દુઆ કુબુલ થાય છે. (૧૪) રોજદારોને અલ્લાહ તઆલાની ખુશનુદી આમ થાય છે. (૧૫) રોજદારને અલ્લાહ તઆલાનો દિદાર નશીબ થાય છે.

(મનાકીબે મોહમ્મદી)

## * પાંચખાસ નેઅમતો *

હજરત અબુ હુરૈરાહ ( રદી યલ્લાહો અન્હો ) થી રિવાયત છે. કે હુઝુરે ફરમાવ્યુ કે, મારી ઉમ્મતને રમઝાન શરીફના બારામાં પાંચ ચીઝો મખ્સુસ (વિશિષ્ટ) રીતે આપવામાં આવી છે જે અગાઉની ઉમ્મતોને મળી નથી. (૧) રોઝદારના મોઢાની બુ (ગંધ) અલ્લાહતઆલા નઝદીક મુશ્ક થીયે વધુ પ્રિય છે. (૨) રોઝદારો માટે દરિયાની માછલીઓ પણ દુઆ કરે છે. (૩) રોઝદારો માટે જન્નતને દરરોજ શણગારવામાં આવે છે. (૪) શયતાનને કૈદ પકડી લેવામાં આવે છે. (૫) રમજાનની અંતિમ રાત્રિએ રોઝદારની મગફેરત કરી દેવામાં આવે છે. (બૈહકી)

## * અલ્લાહનો મહેબુબ મહીનો *

અલ્લામાહ હજરત ઇબ્ને જાંઅફેરી (રહેમતુલ્લાહ અલૈહ) “ બુસ્તાનુલ વાએઝીન ” નામની કિતાબોમાં લખે છે કે, વરસના બારમહીના હજરત યાકુબ (અલૈહિસ્સલામ) ના બાર દિકરાઓના જેવા છે. તેમાંથી હઝરત યુસુફ [અલૈહિસ્સલામ] મહેબુબ [અતિપ્રિય] હતા તેવીજ રીતે રમઝાનુલ મુબારકનો મહિનો પણ અલ્લાહની નજદીક સૌથી વધુ પ્રિય છે. જેમ હજરત યુસુફ [અલૈહિસ્સલામ] ની દુઆથી તેમનાં અગીયાર ભાઇઓને બખ્શી

દેવામાં આવ્યા તેમ અલ્લાહતઆલા અગીયાર મહીના ઓના ગુનાહ રમઝાન શરીફની બરકતથી માફ કરી દેશે.

ત્રણ વ્યક્તિઓની દુઆ કબુલ થાય છે :-

(૧) ઈફતારનાં સમયે રોઝદારની દુઆ

(૨) આદિલ (ન્યાયી) બાદશાહની દુઆ.

(૩) મઝલુમ (જેના પર ઝુલ્મ કરવામાં આવ્યો)ની દુઆ

[ફઝાઈલે શોહુરે સેયામ]

રમઝાન શરીફનો રોઝો ફકને ઇસ્લામ અને ફર્ઝે ખુદાવંદી છે. શરઇ કારણ વિના તેને છોડનાર સખ્ત ગુનેહગાર અને કેહરે ખુદાવંદી ને પાત્ર થશે.

## કોણ રોઝા ના રાખે તો ચાલે ?

(૧) એવો બીમારકે જેના મરી જવાનો સંપુર્ણ ભય છે અથવા તેના શરીરના કોઇ ભાગ બેકાર થઈ જવાની બીક હોય અથવા બીમારી લંબાઇ જવાની કે વધી જવાની સંપૂર્ણ બીક હોય.

(૨) એવી સગર્ભા સ્રી કે જેને પોતાની જાન હાની થવાની ખરી રીતે બીક હોય.

(૩) એવી સ્રી જે બાળકને દુધ પીવડાવતી હોય તેને પોતાની જાન અથવા બાળકની જાન હાની થવાની ચોક્કસ પણ બીક હોય.

(૪) એવો મુસાફર કે જેને અસામાન્ય થાક અને કષ્ટ વધી જાયતો રોઝો ન રાખવાની છુટ છે.

### * ધંધાદાર મજૂર *

ધંધાદાર અથવા મજુર કે જેઓ પોતાના બાળ-બચ્ચાઓના પાલણ પોષણ માટે મજૂરી કરવી પડેછે. તેઓ માઝુર (ઉઝરવાળા) નથી. તેઓ પર રોઝો રાખવા ફર્ઝ છે.

### * શૈખે ફાની *

શૈખેફાની એટલે એવો વૃધ્ધ મર્દ અથવા વૃધ્ધા(સ્ત્રી) જે વૃધ્ધાવસ્થામાં અને અશકિતના કારણે ના તો તે વખતે રોઝા રાખી શકે છે. ના ભવિષ્યમાં એટલી શકિત આવવાની આશા છે તો તેઓને દરેક રોઝાના બદલામાં ફિદયો આપવો વાજીબ છે. ફિદયો એટલે બન્ને વખત એક મીસ્કીનને પેટ ભરીને જમાડવું બાજીબ છે.

### * હૈઝ અને નિફાસવાળી સ્ત્રી *

સ્ત્રીએ હૈજ અને નિફાસથી પાકથવું રોઝા માટે શર્ત છે. એટલે કે ઉપરોક્ત હાલતમાં રોઝા રાખી શકતી નથી પરન્તુ જ્યારે ઉઝર જતા રહે એટલે તે પાક થઇ જાયતો રોઝાની કઝા કરે.

## * રોઝાને મકરૂહ કરનાર અને નહિં કરનાર

કોગળો કરવામાં અથવા નાકમાં પાણી નાખવામાં ઝયાદતી કરવી, લાંબા સમય સુધી મોઢામાં પાણી ભરી રાખવું, કારણ વગર કોઇ વસ્તુને ચાખવી મકરૂહ છે. જો કોઇ સ્ત્રીનો પતિ બદમીજાઝ (દુષ્ટ સ્વભાવ) નો હોયતો શાક (સાલન) ને તે રીતે ચાખે કે ગળામાં ઉતરી ન જાય નાના બાળકને ખાવા માટે કોઇ એવી વસ્તુ ઘરમાં ના હોય અને બીજી વસ્તુ હાઝરમાં હોય અને તે ચાવીને ખવડાવવાની હોય અને ઘરમાં રોઝદાર સિવાય બીજી કોઈ વ્યકિત ના હોયતો બાળકને ચાવીને ખવડાવી શકે છે. મીસ્વાક [દાતણ] કરવું સુર્મો લગાડવો, વાળોમાં તેલ નાખવું મકરૂહ નથી.

## રોઝા નહિં તુટવાનાં કારણો

ભૂલ થી ખાવું પીવું અથવા ભૂલથી સંભોગ કરવો દાંતમાં અટકેલ કોઇ વસ્તુને ગળી જવી જયારે કે તે ચણાની બરાબર અથવા તેથી નાની હોય. કોગળો કર્યા પછી તરી મોઢામાં રહી જાય છે. તેને ગળી જવાથી, આંખમાં દવા નાખવાથી, ગળામાં માખી અથવા ધૂમાડો અથવા ગુબાર અથવા લોટ ચાલ્યો જવાથી આપોઆપ [સ્વયં] ઉલટી થવાથી ભલેને મોઢુ ભરીને હોય તેના

રોઝો તુટતો નથી. પરન્તુ જાણી બુઝીને [કસદન] મોડું કરી જલદી કરી અથવા તેનાથી થોડી પાછી લોટાવવાથી રોઝો તુટી જાય છે.

## રોઝાની કઝા વાજીબ થશે

સુબ્હે સાદિક [ખત્મે સહરીનો સમય) હજી થયો નથી એવા ખ્યાલથી સહેરી ખાતા રહેવું એ સંજોગોમાં કે સુબ્હે સાદિક થઇ ગઇ છે. અથવા સૂર્યાસ્ત થઇ જવાનાં ખયાલથી રોઝો ખોલી [ઈફ્તારકરી] લેવો જો કે હજી સૂર્યાસ્ત [સૂર્ય ગુરૂબ] થયો નથી. ભૂલથી ખાધા પીધા પછી [એમ સમજીને હવે રોઝોતુટી જ ગયો છે] જાણી જોઇને ખાઈ પી લીધું; દાંતો માંથી લોહી નિકળતા ગળી જવું, કોગળો કરતી વખતે ભૂલથી ગળામાં પાણી ઉતરી જવું. કાનમાં તેલના ટીપા પાડવા નાકથી દવા ખેંચવી પેટમાં પીચકારીથી દવા પહોંચાડવી. હુક્કો સિગારેટ પીવાથી રોઝાની કઝા વાજીબ થશે. [પરંતુ જો એ વસ્તુઓ પીવાનો આદી હોયતો કફ્ફારો પણ લાઝીમ થશે] કાંકરી પત્થર, માટી; કાગળ વિગેરે એવી વસ્તુઓ ખાઈ લેવી કે જેનાથી લોકો ધૃણા કરે છે. તે દરેક સ્વરૂપમાં રોઝો તુટી જશે. અને ફકત કઝા વાજીબ થશે. કઝા કરવો એટલે રમઝાન પુરા થયા પછી તરતજ એ રોઝો રાખી લેવો પડશે.

## કઝા અને કફ્ફારો બન્ને લાઝીમ થશે

જાણી જોઈને ખાવું અથવા જમાઅ (સંભોગ) કરવાથી કઝા અને કફ્ફારો બન્ને લાઝીમ થઇ જાય છે. કઝામાં એક રોઝા ને બદલે એક રોઝો રાખવો વાજીબ છે. અને કફ્ફારામાં એક રોઝાના બદલામાં ૬૦ રોઝા રમઝાન પછી ઉપરા ઉપરી રાખવા જરૂરી છે. અને જો તે રાખવાની શક્તિ ના હોય તો ૬૦ મિસ્કીનોને બન્ને વખત પેટ ભરીને જમાડવું જરૂરી છે.

## : સહેરીની અહમ્તા :

હુઝુરે ફરમાવ્યુ કે " સહરી માં બરકત છે. અલ્લાહતઆલા એ તમને અર્પણ કરી છે. તો તેને ન છોડશો."

સહેરીમાં તાખીર (વિલંબ કરવો) કરવી મુસ્તહબ છે, પરંતુ એટલું મોડું ન કરો કે વખતમા તંગી થવા લાગે.

નિય્યત :—

દિલના ઇરાદાનું નામ નિયત છે. પરંતુ જબાનથી

આ શબ્દો ઉચ્ચારી લેવા મુસ્તહબ છે. નિય્યત આ રીતે કરે.

" નવૈયતો અન અસુમા ગદન લિલ્લાહે-તઆલા મિન ફર્દે રમદાના હાઝા "

સહેરીનો સમય સુબ્હે સાદિક સુધીનો છે. સહેરી ખાવી સુન્નત છે. અને બરકતનું સબબ છે. બની શકે ત્યાં સુધી સહેરી છોડો નહિ કાંઈ ન મળે તો ફક્ત એક ઘુંટ પાણી પી લો. જેથી સુન્નત અદા થઇ જાય.

## : ઈફતારની ફઝીલત :

હુઝુરે ફરમાવ્યું કે જે રોઝદારનો રોઝો ઈફતાર કરાવે તો તેને પણ એટલોજ સવાબ મળશે. હુઝુરે ફરમાવ્યું જ્યારે તમારામાંથી કોઇ રોઝો ઈફતાર કરે તો ખજૂર અથવા ખારેકથી ઇફતાર કરે કે તેમાં બરકત છે. જો તે ન મળે તો પાણીથી ઇફતાર કરે કારણ કે પાણી પાક કરનાર છે.

હુઝુરે ફરમાવ્યું હંમેશા લોકો ખેરની સાથે રહેશે. જ્યાં સુધી તેઓ ઇફતારમાં જલ્દી કરશે. (પરંતુ એટલી ઉતાવળ ન કરે કે સૂરજ ડૂબવામાં શંકા હોય) પરન્તુ

વાદળો હોય ત્યારે જલ્દી ન કરે. ઇફતાર કરીને આ દુઆ પઢવી સુન્નત છે.

"અલ્લાહુમ્મા લકા સુમ્તો વબેકા અમન્તો વ અલૈકા તવક્કલતો વ અલા રિઝકેકા અફત્તર્તો ફતકબ્બલ મિન્ની"

## :: એતેકાફની ફઝીલત ::

હુઝુરે ફરમાવ્યુ કે જેણે રમઝાનના છેલ્લા દશ દિવસનો એતેકાફ કર્યો તો જાણે તેણે બે હજ્જ અને બે ઉમ્રા અદા કર્યા.

હઝરત અનસ ( રદીયલ્લાહો અન્હો ) થી રિવાયત છે કે, જે માણસ રમઝાન શરીફનાં છેલ્લા દશ દિવસ એતેકાફ કરશે તો તેની નેકી ના દફતરમાં અલ્લાહપાક હજાર વર્ષની ઇબાદત નોંધશે. અને કેયામતના દિવસે પોતાના અર્સના છાયામાં જગ્યા આપશે.

રમઝાન શરીફના છેલ્લા દશ દિવસ એતેકાફ કરવો સુન્નતે કિફાયા છે, એનો અર્થ એવો થાય છે કે, શહેર અથવા ગામ માંથી કોઇ એક શખ્સ પણ એતેકાફ કરશે. તો બાકીના તમામ જવાબદારીમાંથી મુક્ત થઇ જશે. અને કોઈપણ નહિં કરે તો શહેરના દરેક

આ બાબત મુતાલઓ થશે.

એતેકાફ કરનાર ( મોતકીફ ) એ રમઝાનની ૨૦મી તારીખનાં સૂર્યાસ્તના પહેલાથી એતેકાફની નિય્યતથી મસ્જિદમાં પહોંચી જવું જોઇએ અને ચાંદ જોયા પછી બહાર નિકળે. જરૂરત વિનાજો મસ્જિદથી બહાર નિકળશે તો એતેકાફ રદ ગણાશે. ઔરત (સ્ત્રી) ઘરમાં પોતાની નમાઝ પઢવાની જગ્યાએ એતેકાફ કરી શકે છે.



## :: એતેકાફની નિય્યત ::

" બિસ્મીલ્લાહે વબીલ્લાહે વ અલૈહે વ તવક્કલતો ન નવી તો સુંન્નતલ એતેકાફે "

# : નમાઝે તરાવીહ :

તરાવીહ ની વીસ (૨૦) રકાતો મુસલમાન મર્દ અને ઔરત પર સુન્નતે મુઅકકેદાહ છે. હઝરત ઉમર ફારૂક (રદીયલ્લાહો અન્હો) ના ખિલાફત કાળમાં રમઝાનમાં હરરોજ તરાવીહ પઢવામાં આવી.

હજરત ફારૂકે આઝમ (રદીયલ્લાહો અન્હો) ફરમાવતા હતા કે "જે માણસ હુઝુરની આ સુન્નત જાણી જોઈને છોડશે તો જરૂર હું તેના તદા રૂક (એટલે તેની ઈસ્લાહ કરવાની કોશીશ) કરીશ. આપના જમાનામાં મસ્જિદો અંદર અને બહારથી ભરાઈ જતી હતી.

હઝરત સૈયદનાં અબુબકકર (રદીયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે હુઝુરે ફરમાવ્યું કે "બેશક અર્સની નીચે એક જગ્યા છે તેનું નામ "ખૌરૂલ કુદુસ" છે તે જગ્યા નુરાની છે. તે જગ્યાએ થી ખુદા તઆલાં તરાંવીહ પઢનાર બંદાઓને જુએ છે,"

હુઝુરે ફરમાવ્યું કે "જે માણસ ૨૦ રકાત તરાવીહ પઢશે. અલ્લાહ તઆલા તેના ૨૦ હજાર ગુનાહ માફ

કરશે. ૨૦ શહીદો જેટલો; ૭૦ નબીઓ જીયારત કરવા-નો અને ૨૦ ગુલામ આઝાદ કરવાનો સવાલ આપશે.

## - તરાવીહની તસ્બીહ -

દર ચાર રકાત પછી થોડીવાર બેસવું તેને તરવીહા કહે છે. ચાર રકાત પઢી શકાય તેટલીવાર બેસવું મુસ્તહબ છે. આ સમયે ચાહે તીલાવત કરે, કલ્મો પઢે, દરૂદશરીફ પઢે, અથવા આ તસ્બીહ પઢે.

" સુબ્હાન ઝીલ-મુલ્કે, વલ-મલ્કુત, સુબ્હાના ઝીલ ઇઝઝતે વલ-અઝમતે, વલ હયબતે વલ કુદરતે. વલ કિબ્રીયાએ વલ જબ્રુતે, સુબ્હાનલ મલેકિલ હૈય્યીલ્લઝી, લાયનામો વલા યમૂતો સુબ્બુહુન, કુદ્દુસુન, રબ્બોના વ રબ્બુલ મલાઇકતે વ રૂહ અલ્લાહુમ્મા અજીરની મિન્નનારે યા મુજીરો, યા મુજીરો, યા મુજીરો......

# શબે કદ્રની ફ઼ઝીલત

બહુમતી પ્રમાણે રમઝાનની ૨૭મી રાત ને શબેકદ્ર કહેવામાં આવે છે કારણ કે હુઝુરે ફરમાવ્યું છે કે રમઝાનનાં છેલ્લા દશ દિવસમાં શબે કદ્રની તલાશ (શોધ) કરો. હુઝુર ગૌસે આઝમ (રદીયલ્લાહો અન્હો) પોતાની જગ મશહુર કિતાબ "ગુનીય્યતુત્તાલેબીન" માં લખે છે કે અલ્લાહ તઆલાએ શબે કદ્ર ને ખુફીયા (ગુપ્ત) રાખી છે. અને તેનું કારણ એ છે કે; જો તે રાતની બધાને ખબર પડી જાયતો દરેક ગુનાહગાર તૌબા કરે અને દરેકની બખ્શીશ થઈ જાય માટે તેને અલ્લાહે ગુપ્ત (છુપી) રાખી છે. પણ આગળ જતાં આપ બીજી કેટલીક દલીલો રજુ કરીને લખે છે કે રમઝાનની ૨૭મી શબે કદ્રની રાત છે,

હદીષોમાં આ રાતની ઘણીજ ફઝીલતો આવી છે. સૂર્યાસ્તથી માંડી સવાર સુધી અનવારે ઇલાહીની વર્ષા થતી રહે છે માટે દરેક મુસલમાને આ રાતમાં વધું પ્રમાણમાં તૌબા અસ્તગફાર કરવું જોઇએ અને ઈબાદત-

માં રાત પસાર કરવી જોઇએ. જે રાતની મહાન ફઝીલત બયાન કરતા અલ્લાહતઆલાએ ફરમાવ્યું કે...

" ઇન્ના અન્ઝલના હો ફી લૈલતીલ કદ્રે વમા અદ્રાક મા લૈલુલ કદ્ર..........

અર્થ :-

બેશક અમે તેને ( કુરઆન ) ઉતાર્યું શબે કદ્રમાં અને તમે શબે કદ્રને શું જાણ્યું. ? શબે કદ્ર હજાર મહિનાઓથી બહેતરછે. તેમાં ફરિશ્તાઓ અને જીબ્રઈલ ઉતરે છે. તેમના રબના હુકમથી દરેક કામ માટે તે સલામતી છે. સવાર થતાં સુધી.

જે લોકો આ રાતમાં યાદે ઇલાહીમાં પ્રવૃત્ત રહે છે ફરિશ્તાઓ તેઓને સલામ કરે છે. તેઓથી મુસાફહા કરે છે. તેઓના હકમાં દુઆએ અસ્તગફાર કરે છે.

શબે કદ્રમાં એક આયત પઢવી તે બીજા દિવસોમાં પુરા કુરઆન પઢવાના બરાબર છે. એક હદીષમાં છે.

કે શબે કદ્રમાં જે માણુસ ત્રણુ વખત "લાઇલાહા ઇલ્લલ્લાહ" કહી દે તો અલ્લાહ તેની મગ ફેરત ફરમાવી દેશે.

શબે કદ્રમાં આ દુઆ વારંવાર પઢવી જોઇએ, 'અલ્લાહુમ્મા ઇન્નકા અફુવ્વન તોહિબ્બુલ-અફવફઅન્ની' કેટલીક કિતાબોમાં શબે કદ્રમાં પઢવાની નીફ્જની રીતો આ પ્રમાણે છે.

(૧) સો રકાત એવી રીતે અદા કરો કે દરેક રકાતમાં અલ્હમ્દો પછી ઇન્ના અન્ઝલના એક વખત પઢો અને નમાઝ બાદ ૭૦ વખત ઇસ્તગફાર પઢી દુઆ કરો. ઇન્શાઅલ્લાહ કુબુલ થશે.

(૨) ૨ રકાત નમાઝ એવી રીતે પઢો કે, દરેક રકાતમાં અલ્હમ્દો પછી ઇન્નાઅન્ઝલના એક વખત અને સુરેઅ ઇખ્લાસ (કુલહોવલ્લાહ) સો (૧૦૦) વખત પઢીને નમાઝ બાદ ૧૦૦ વખત દરૂદ શરીફ પઢો ઘણો જ સવાબ મળશે.

(૩) ચાર રકાત એવી રીતે પઢો કે હરેક રકાતમાં અલહમ્દો પછી ઇન્ના અન્ઝલના ત્રણ વખત પઢો અને કુલહોવલ્લાહ ૭ (સાત) વખત પઢો આ નમાઝના કારણે અલ્લાહ તઆલા સકરાતની તકલીફને દૂર કરશે. અને કબ્રનો અઝાબ દુર ફરમાવશે.

ઇન્શા અલ્લાહ

(૪) ૨ રકાત એવી રીતે પઢો કે હરેક રકાતમાં અલહમ્દો પછી ઇન્ના અઝલનાં ૭ (સાત) વખત અને કુલ હોવલ્લાહ ૭ (સાત, પઢે નમાઝ બાદ અસ્તગફેરૂલ્લાહ અને દરૂદશરીફ પઢે આ નમાઝ પઢનાર અને તેનાં માં-બાપ ને અલ્લાહ બખ્શી દેશે.

ઇન્શાઅલ્લાહ

(૫) શબે કદ્રમાં સુબેહ સાદિકનાં સમયથી થોડીક વાર પહેલા ચાર રકાત એક સલામથી પઢે હરેક રકાતમાં અલહમ્દો પછી ઇન્ના અન્ઝલના ત્રણ

વખત પઢે અને પછી કુલ્હોવલ્લાહ પાંચ વખત પઢે નમાઝ પૂરી થયાં પછી સિજદામાં જઇને ૪૧ (એકતાલીસ) વખત "સુબ્હાનલ્લાહ" પઢે. અલ્લાહતઆલા તેની તમામ હાજતો પૂરી ફરમાવશે.

ઈન્શાઅલ્લાહ

આ રાતમાં વધુ પ્રમાણમાં દરૂદશરીફ તૌબા અસ્ત ગફાર અને ઝિક્રે ઇલાહી કરવું બહેતર છે.

# :: સદકએ ફિત્ર ::

હુઝુરે ફરમાવ્યું કે "બંદાનો રોઝો આસમાન અને જમીનની વચ્ચે અધ્ધર લટકેલો રહે છે. જ્યાં સુધી કે સદકએ ફિત્ર આપવામાં નહિ આવે."

સદકએ ફિત્ર દરેક સાહેબે નિસાબ મુસલમાન પર પોતાના તેમજ પોતાની નાની ઔલાદ તરફથી આપવું વાજીબ છે.

માલિકે નિસાબ તેને કહેવામાં આવે છે, કે જેની પાસે સાડા સાત તોલા (૭ાા) સોનું અથવા સાડા બાવન તોલા (૫૨ાા) ચાંદી હોય અથવા થોડું સોનું અને થોડા ચાંદી હોય અને તે બન્ને મળીને એક નિશાબ પુરો થઇ જતો હોય તેવા ઉપર માણસ દીઠ ૨ કીલો ૪૫ ગ્રામ ઘઉં અથવા તેટલી કિંમત આપવી વાજીબ છે. સદકએ ફિત્રા ઇદગાહ જતાં પહેલા આપવો સુન્નત છે. જો પહેલા ન આપી શકાયો હોયતો

બાદમાં પણ આપી શકે છે.

# ★ નમાઝે ઈદ ★

ઇદની નમાઝ વાજીબ છે. હુઝુરે ફરમાવ્યું કે જે માણસ ઇદની નમાઝ માટે કેયામ કરે છે. તેનું દિલ મરતું નથી.

★

# ઈદના દિવસે આ કામો મુસ્તહબ કર્યાં છે....

(૧) સવારની નમાઝ જમાઅત સાથે મહોલ્લાની મસ્જિદમાં અદા કરવી

(૨) સદકો આપવો.

(૩) હજામત બનાવવી.

(૪) નખ કાપવા.

(૫) ન્હાવું

(૬) મિસ્વાક કરવો.

(૭) શકિત પ્રમાણે સારા કપડાં પહેરવાં.


(૮) ખુશ્બુ લગાડવી.

(૯) નમાઝ પઢવા જતા પહેલા થોડી ખજુર ખાઇ લેવી (થર જુતે એકીની સંખ્યામાં હોય) ખજુર ના હોયતો કોઇ મીઠી વસ્તુ ખાઇ લે.

(૧૦) ઇદની નમાઝ પઢવા એક રસ્તાથી જવું અને બીજા રસ્તાથી પાછા ફરવું.

(૧૧) ખુશી પ્રદર્શિત કરવી.

(૧૨) અરસ પરસ મુબારકબાદી આપવી જોઇએ.



# ઈદની નમાઝની રીત

નમાઝ માટે પ્રથમ આ પ્રમાણે નિય્યત કરે "હું બે રકાત નમાઝ ઇદૂલ ફિત્રની વાજીબ છ તકબીરો સાથે આ ઇમામની પાછળ મોં મારૂ કિબ્લા તરફ વાસ્તે અલ્લાહતઆલાના એમ કહીને 'અલ્લાહો અકબર' કહીને હાથ બાંધી દે, પછી પુરેપુરી "સુબ્હાન કલ્લાહુમ્મા" પઢી ઇમામ સાથે કાનોની બુટી સુધી હાથ ઉઠાવી અલ્લાહો અકબર કહી છોડી દે. એવી જ રીતે ત્રણ વખત તકબીરો કહે. પરંતુ ત્રીજી વખતની તકબીર કહ્યા પછી હાથને છોડે નહી બલ્કે હાથ બાંધી લે. જ્યારે ઈમામ તઅવ્વુઝ (અઉઝો બિલ્લાહે મિનશ શૈતાનિર્રજીમ) અને તસ્મીય્યહ (બીસમીલ્લાહ હી ર્રહમાનીર્રહીમ) ધીમેથી પઢીને કિરઅત કરે તો મુકતદીઓ તેને સાંભળે.

બીજી રકાતમાં જ્યારે ઈમામ કિરઅતથી ફારીગ થઇ જાય તે પછી રૂકુઅમાં જતાં પહેલા ઈમામ સાથે ફરીથી ત્રણ તકબીરો હાથ ઉઠાવીને કહે. પછી ચોથી

તકબીર હાથ ઉઠાવ્યા વગર કહી ઇમામ સાથે રૂકુઅ જાય અને બાકીની નમાઝ નિયમ પ્રમાણે પુરી કરે.

નમાઝથી ફારીગ થયા પછી ઇમામ સાહેબ ખુત્બો પઢે, મુકતદીઓ પોતાની જગ્યાએ બેસીને ખુત્બો સાંભળે, ખુત્બો સાંભળવો વાજીબ છે. કેટલાક ઉતાવળીયા ખુત્બો સાંભળવા રહેતા નથી. તેઓ આ મહાન નેઅમતથી મહેરુમ [વંચિત] રહે છે. ખુત્બા પછી દુઆ માંગે.

★★

# - કહેવાની વાત -

કહેવાની ખાસ વાત તો એ છે કે, રમઝાનુલ મુબારકની સંપુર્ણ ફઝીલત આ નાનકડા લેખમાં સમાવી શકાય તેમ નથી; રોઝો એક મહાન ઇબાદત છે; વળી ખુફીયા એટલે અદ્દશ્ય ઇબાદત છે. આવી ઇબાદત અલ્લાહતઆલાને ઘણીજ પસંદ છે, માટે હે મારા મુસ્લીમ બિરાદરો ! શરઇ કારણ વિના તેને હરગીજ ન છોડો નહિંતર ખુદા અને તેમના રસુલની નારજગીનો સબબ બનશો.

રોઝાનો અર્થ ફકત ભૂખ્યા કે તરસ્યા રહેવાનો નથી રોઝાથી માનવી માં ખાફેખુદા એટલે કે તકવાની ટેવ પાડવી છે. રોઝો તનનો છે. રોઝો મનનો છે. શરીરના દરેક અવયવને ખુદાની ના ફરમાનીથી રોકવું એજ સાચો રોઝો છે. જૂઠ, ગીબત, ચાડી, બદગુમાની, છેતરપીંડી, દગાબાઝી; બેવફાઇ, આ તમામ વસ્તુઓ મનના રોઝા ને તોડી નાખનારી છે. શરીરનો રોઝો ફકત ભૂખ્યા અને તરસ્યા રહેવાનુંજ છે. પણ આખા રોઝાનો અર્થ એ થાય કે શરીરના દરેક ભાગને હર બુરાઇથી રોકવું એજ રમઝાનુલ મુબારકનો સાચો સંદેશ છે.

આ માસની ઈઝ્ઝત કરવી આપણા સૌની પ્રથમ અને દીની ફરજ છે. અમારા કેટલાક ભાઈઓ અને બહેનો આવા મહાન બુઝુર્ગ માસમાં ખુદા અને તેના રસૂલ નારાજ થાય તેવા કામ જાહેરમાં કરે છે. દા. ત. જાહેરમાં ખાવું; પીવું, બીડીઓ અને સિગારેટ ફુંકવી, ચા નાં ચપાણીયા ચાટવા; પાનની પીચકારીયો મારવી; તમાકુ મસળવી, સિનેમા જોવા જવું. વિગેરે વિગેરે આવા ખરાબ અને ઘ્રુણા ઉપજાવે અને રમઝાન શરીફ ની બે અદબી થાય તેવા કામો દિવસે એટલે રોઝદારોની સામે નહિ કરવા અને ખુદાનાં અઝાબથી બચવા નમ્ર ગુજારીશ સાથે ખુદા પાસે દુઆ કરું છુ કે; અલ્લાહ તઆલા અમો સૌને તેના પ્યારા હબીબે પાક સલલ્લાહો અલયહેવ સલ્લમનાં વસીલા અને સદકા તેમજ તુફૈલમાં સાચા રેંઝદાર બનાવે. અને રમઝાનુલ મુબારકની અદબ કરવાની તૌફીક બક્ષે—આમીન

(ફક્ત અલ્લાહ બહેતર જાણનાર છે.)

[ સમાપ્ત ]

# આપના મરહુમોના ઈસાલે સવાબ અર્થે દીની કિતાબ છપાવો

ઇન્સાન પોતાની હયાતી દરમ્યાન પોતાની ઇચ્છાઓ તથા જરૂરીયાતો સંતોષવા માટે જોઈતી ચીજ વસ્તુ કે સેવા પોતાની રીતે મેળવી લે છે કે માંગી લે છે પરંતુ આ ફાની દુનિયા છોડયા પછી ગુનાહોની મગફેરત તેમજ અઝાબમાંથી મુક્તિ મેળવવા તેની પાસે કોઇ રસ્તો રહેતો **નથી**. આવે સમયે તે ઇન્સાનની રૂહ પોતાના સગા સબંધીઓ પાસે જે ચીજની અપેક્ષા રાખે છે તે છે તેના સગા સબંધીઓ તરફથી તેના **ઇસાલે સવાબ** અર્થે કરવામાં આવતા નેક કાર્યો. આ કાર્યો પૈકી એક કાર્ય વિદ્વાન ઓલમાએ કિરામના રૂહ પરવર સાહિત્યની ઇશાઅત પણ છે.

તો ઉપરોક્ત કથનને નજર સમક્ષ રાખીને આપ આપના મરહુમોના ઇસાલે સવાબ અર્થે કોઈપણ મઝહબી વિષય પર કિતાબ છપાવવા માટે નીચેના સરનામે અમારો સંપર્ક સાધવા નમ્ર ગુઝારીશ છે

મહેબુબ કે. પીલુડીયા
પ્રમુખ અને વ્યવસ્થાપક
ફુરકાની કમિટી (મુ-ની)
ઇસ મકરાણી મિશન રોડ,
મોરબી – ૩૬૩૬૪૧

# હુસેની કમિટી (સુન્ની) મોરબીને મજબૂત બનાવો...

અલ્લાહ અને તેના પ્યારા રસુલ તાજદારે મદીના મોહંમદે મુસ્તુફા સલલ્લાહો અલયહે વસ્સલમનાં ફઝલો કરમથી અને ગોસુલ આઝમ દસ્તગીર રદીયલ્લાહો અન્હોના તુફૈલથી અને આપના જેવા સખી સુન્ની મુજાહીદોના સાથ અને સહકારથી હુસેની કમિટી (સુન્ની) મોરબી આઠમાં વર્ષમાં પ્રવેશ કરતાની સાથે આપની સમક્ષ ૩૪મું પ્રકાશન મુકતાં ખુશી અનુભવીએ છીએ.

મઝહબે એહલે સુન્નત જમાઅતની શાનદાર અને મહાન દીની ખિદમત કરી રહેલી હુસેની કમિટી (સુન્ની) મોરબીને આ મુબારક રમઝાન માસમાં આપનાથી બની શકે તે ઝકાત, સદકા, ફિતરા લિલ્લાહ ઇમદાદ સ્વરૂપની મદદ આજે જ મોકલી આપી હુસેની કમિટી (સુન્ની) મોરબીની મફત પ્રકાશનો પ્રગટ કરવાની પ્રવૃતિને વધુને વધું મજબૂત બનાવી સવાબે જારીયાહની હકદાર થવા નમ્ર ગુઝારીશ છે. ચેક અથવા ડ્રાફ્ટ **હુસેની કમિટી (સુન્ની) મોરબી**નાં નામનો મોકલવા નમ્ર વિનંતી.

મુદ્રક : પરાગ પ્રિન્ટરી, ૨-૩ લાતી પ્લોટ, મોરબી.